# વલસાડ હાઈવે પર અકસ્માતમાં એક જ પરિવારના 4ના મોત

## વલસાડથી પરત ફરતી વખતે કન્ટેનર સાથે બાઈક ટકરાતા દંપત્તિ તેમજ બે બાળકીનું મોત, જ્યારે 9 માસની અન્ય બાળકીનો બચાવ



વલસાડ, તા.4

વલસાડ નજીક સુગર ફેક્ટરી પાસેના હાઈવે પર આજે કન્ટેનર સાથે ટકરાયેલ બાઈક પર સવાર ગણદેવીના એક જ પરિવારના ચાર સભ્યોના દર્દનાક મોતથી ભારે અરેરાટી વ્યાપી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગણદેવી ખાતે રહેતા અને આલીપોર વસુધારા ડેરીમાં કામ કરતા અજયભાઈ દલપતભાઈ તેમની બાઈક નં.જીજે-15-એએલ-4077 પર તેમની પત્ની તથા ત્રણ નાની પુત્રીઓ સાથે વલસાડ ગયા હતા. જ્યાંથી તેમનું કામ પતાવી પરત ફરી રહ્યા હતા, ત્યારે વલસાડ સુગર ફેક્ટરી પાસે એક કન્ટેનર નં.MH-55-AG-2573ના પાછલા ભાગે તેમની બાઈક ટકરાતા તમામ સભ્યો હાઈવે પર ફંગોળાયા હતા. કન્ટેનર સાથે જોરદાર ટક્કર બાદ પાછળથી આવેલ કોઈ વાહને કે પછી ગંભીર ઈજા થવાથી આખું પરિવાર લોહીલુહાણ હાલતમાં હાઈવે પર પડ્યું હતું.

વલસાડ સુગર ફેક્ટરી નજીક થયેલ આ ગમખ્વાર અકસ્માતમાં ઘટનાસ્થળે જ અજયભાઈ, તેમની પત્ની અને બે પુત્રીના કરૂણ મોત જ્યાર અન્ય નવ માસની બાળકીને ઈજા થઈ હોય 108 મારફતે દવાખાને મોકલાય હતી. ઘટનાની જાણ થતા જિ.પં. વડા ડૉ.રાજદીપસિંહ ઝાલા સહિત તમામ અધિકારીઓ ઘટનાસ્થળે ધસી ગયા હતા. કન્ટેનર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી મૃતક ચારેયને પીએમ માટે વલસાડ સીવીલ હૉસ્પિટલમાં મોકલાયા હતા. જો કે એક જ પરિવારના ચાર જણાના મોતથી અહિંથી પસાર થનાર અનેક વાહનચાલકોમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી.

નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે જાહેરાત કરી

# નીકોટીન યુક્ત ગુટકા, તમાકુના વેચાણ પર પ્રતિબંધ લંબાવાયો

## ગુટકામાં તમાક કે નીકોટીનની હાજરી હોવાથી આરોગ્યને ખૂબ જ નુકશાન થતું હોઈ એક વર્ષ માટે પ્રતિબંધ લંબાવ્યો

અમદાવાદ,તા.૪

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં ગુટકા તેમજ તમાકુ કે નીકોટીન યુક્ત પાન મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ પર હાલ પ્રતિબંધ છે. આ પ્રતિબંધ નાગરિકોનું સ્વાસ્થ્ય વધુ સુદ્રઢ બને તે માટે વધુ એક વર્ષ સુધી લંબાવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અન્વયેના નિયમો તથા રેગ્યુલેશન-૨૦૧૧ હેઠળ આ પ્રતિબંધ મૂકાયો છે. જે હેઠળ કોઈપણ ખાદ્યચીજમાં તમાકુ કે નીકોટીન ઉમેરવું એ પ્રતિબંધ છે. ગુટકામાં તમાકું કે નીકોટીનની હાજરી હોવાથી માનવ આરોગ્યને ખૂબ જ નુકશાન થતું હોય છે. જેથી નાગરિકો તથા ભાવિ પેઢીના સ્વાસ્થ્યને જાળવી રાખવા માટે ગુટકા પર પ્રતિબંધ મૂકવો જરૂરી હોઈ આ નિર્ણય કરાયો છે. પટેલેએ ઉમેર્યું છે કે, રાજ્ય સરકાર દ્વારા ગુટકા કે પાન મસાલા કે જેમાં તમાકુ કે નીકોટીનની હાજરી હોય તેના

અનુસંધાન પાના 2 પર...

## જ્ઞાન સાગર



ભારત રત્ન, ટેમ્પલટોન પ્રાઈઝ, જર્મન બૂક ટ્રેડનો શાંતિ પુરસ્કાર તેમજ ઓર્ડર ઑફ મેરિટ જેવા ખિતાબોથી નવાજાયેલા ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ તેમજ બીજા રાષ્ટ્રપતિ દાર્શનિક સર્વપલ્લી રાધાકૃષ્ણનની આજે જન્મજયંતી છે.

## શું તમે જાણો છો?

### 13 નદીઓના કાયાકલ્પની ગતિવિધીની ભીતરમાં...

કેન્દ્રીય પ્રધાન પ્રકાશ જાવડેકરે જાહેરાત કરી કે કેન્દ્ર 13 નદીઓના કાયાકલ્પનું કાર્ય કરી રહ્યું છે. મંત્રીએ આ જાહેરાત “કાવેરી કૉલિંગ” આંદોલનની ઉજવણી પ્રસંગે કરી હતી. કાયાકલ્પ હેઠળ રહેલી 13 નદીઓમાં બિયાસ, જેલમ, ચિનાબ, રવિ, સતલજ, યમુના, લુનિ, નર્મદા, ગોદાવરી, કાવેરી, કૃષ્ણ, મહાનદી અને બ્રહ્મપુત્રા છે. આ સિવાય રાષ્ટ્રીય મિશન ફોર ક્લીન ગંગા અંતર્ગત ગંગા નદીના કાયાકલ્પ માટે એક વિશેષ કાર્યક્રમ લાગુ કરવામાં આવી રહ્યો છે. કાવેરી કૉલિંગ અને રેલી ફોર રિવર્સ એ હલનચલન છે જે વિશ્વમાં નદીના પુનર્જીવનના સંદેશને ફેલાવવા માટે શરૂ કરવામાં આવી હતી. ઈન્ડિયન કાઉન્સિલ ઑફ ફોરેસ્ટ્રી રિસર્ચ એન્ડ એજ્યુકેશન હાલમાં નદીના લેન્ડસ્કેપનું મૂલ્યાંકન કરવા અને વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા તકનીકી અભ્યાસ પર કામ કરી રહ્યું છે. આ એક ઝુંબેશ છે જેની સ્થાપના ઈશા ફાઉન્ડેશન સદ્ગુરુ જગ્ગી વાસુદેવે વર્ષ 2019 માં કરી હતી. કાવેરી રિવેટિલાઈઝેશન પ્રોજેક્ટ પછી તરત જ તેને શરૂ કરવામાં આવી હતી. કર્ણાટક સરકાર દ્વારા આ પ્રોજેક્ટ સંયુક્ત રીતે લાગુ કરવામાં આવી રહ્યો છે. પ્રોજેક્ટ અંતર્ગત 25 કરોડ રોપાઓ વાવવાના છે. તે કાવેરી બેસિનમાં ખાનગી ખેતીની જમીન પર વૃક્ષ આધારિત ખેતીને પ્રોત્સાહન આપે છે. ઉપરાંત, 50 લાખ ખેડૂતોને તેમના ખેતરોમાં 242 કરોડ ઉચ્ચ મૂલ્યવાળા વૃક્ષો રોપવા સક્ષમ બનાવવાનું લક્ષ્ય છે. આ નદીના બેસિનનો એક તૃતીયાંશ છાયા હેઠળ મૂકશે અને ભૂગર્ભ જળના ટેબલ અને જમીનની તંદુરસ્તીમાં પણ સુધારો કરશે. ઉપરાંત, તે પાંચથી સાત વર્ષમાં ખેડૂતની આવક ત્રણથી આઠ વખત વધારશે. ઉપરાંત, કાવેરી નદીના બેસિનમાં 12 ટ્રિલિયન લિટર પાણી જુદા પાડવાની ધારણા છે. આ નદીના સ્રોત પ્રવાહને વધારતા પ્રદેશના તમામ જળસંગ્રહનું પણ રિચાર્જ કરશે. એવો અંદાજ છે કે કાવેરી નદી તેના ઐતિહાસિક પ્રવાહથી 40% થઈ ગઈ છે. રેલી ફોર રિવર્સ એ ઈશા ફાઉન્ડેશન દ્વારા શરૂ કરાયેલ એક આંદોલન પણ છે. તે તમિળનાડુ કૃષિ યુનિવર્સિટી સહિત 25 વૈજ્ઞાનિકો અને કાયદા ઘડનારાઓ સાથે મળીને શરૂ કરાઈ હતી.

## સામાન્ય જ્ઞાન

1. કયા રાજ્ય સિવાય સિવાય સમગ્ર દેશમાં મેટ્રો ટ્રેન સેવાઓ ચલાવવામાં આવશે?
2. હિંચમે માચિને કયા દેશના નવા વડા પ્રધાન તરીકે મંજૂરી મળી છે?

(જવાબ આવતીકાલે વાંચો)

ગઈકાલના જવાબ: 1. રેઝર પે 2. સુમિત નાગલ

# મુખ્ય બંદરોમાં હવે ભારતીય ટગ બોટ જ વપરાશે

## ભારતીય જહાજ નિર્માણને પુનર્જીવિત કરી ‘આત્મનિર્ભર ભારતમાં આત્મનિર્ભર શિપિંગ’ તરફનું આ એક મોટું પગલું છે : માંડવિયા



અમદાવાદ (PIB), તા.4

શિપિંગ મંત્રાલયે તમામ મુખ્ય બંદરોને ફક્ત ભારતમાં બનાવેલી ટગ બોટ ખરીદવા અથવા ભાડે લેવા માટે નિર્દેશ આપ્યા છે. મુખ્ય બંદરો દ્વારા કરવામાં આવતી તમામ ખરીદી હવે સુધારેલા ‘મેક ઈન ઈન્ડિયા’ આદેશ મુજબ કરવાની રહેશે.

જહાજમંત્રાલય ભારતીય જહાજ નિર્માણ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનું પર ધ્યાન આપી રહ્યું છે તેમજ જહાજ નિર્માણ ઉદ્યોગમાં મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા અગ્રણી દેશો સાથે ચર્ચા પણ કરી રહ્યું છે. આ દરમિયાન, સરકારના આ નિર્ણયને જહાજ નિર્માણ ક્ષેત્રે મેક ઈન ઈન્ડિયાને સાકાર કરવા તરફનું મોટું પગલું માનવામાં આવી રહ્યું છે.

કેન્દ્રીય જહાજ રાજ્ય મંત્રી (સ્વતંત્ર પ્રભાર) મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, “ભારતમાં જૂના શિપયાર્ડ્સને પુનર્જીવિત કરવા અને જહાજ નિર્માણને પ્રોત્સાહન આપવા માટે સરકાર ૩૬૦ ડિગ્રી કાર્યવાહી કરી રહી છે. ભારતીય જહાજ નિર્માણને પુનર્જીવિત કરી ‘આત્મનિર્ભર ભારતમાં આત્મનિર્ભર શિપિંગ’ને સાર્થક કરવા તરફનું આ એક મોટું પગલું છે. સરકાર ભારતમાં શિપબિલ્ડિંગ, શિપ રિપેરિંગ, શિપ રિસાયક્લિંગ અને ફ્લેગિંગ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવાનો પ્રયત્ન કરશે. આત્મનિર્ભર શિપિંગ આગામી સમયમાં વાસ્તવિકતા બનશે.”

ભારતમાં જહાજ નિર્માણને પ્રોત્સાહન આપવા બંદર પર વપરાતા સાધનોને વસાવવા/ ભાડે કરવા સુધારેલા મેક ઇન ઇન્ડિયા આદેશનું પાલન કરવાનું રહેશે. ઈન્ડિયન પોર્ટ્સ એસોસિએશનના મેનેજિંગ ડિરેક્ટરના નેતૃત્વમાં એક સ્ટેન્ડિંગ સ્પેસિફિકેશન કમિટીની રચના કરવાની દરખાસ્ત કરવામાં આવી છે અને તેમાં કોચિન શિપયાર્ડ લિમિટેડ (સીએસએલ), શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એસસીઆઈ),

અનુસંધાન પાના 2 પર...

ઘટનાની જાણ થતા જ પોલીસ પહોંચી

# દાહોદ : એક જ પરિવારના ૫ સભ્યોએ આત્મહત્યા કરી

## વ્હોરા પરિવારે મોત વ્હાલું કરી લેતાં ચકચાર, સાળીના દબાણના કારણે અંતિમ પગલું ભર્યુ હોવાનો આરોપ

દાહોદ,તા.૪

શુક્રવારની સવારે રાજ્યના પૂર્વ પટ્ટીના છેવાડે આવેલા દાહોદ જિલ્લામાં એક હચમચાવી નાખતી ઘટના સામે આવી છે. દાહોદના સુજાઈ બાગ વિસ્તારમાં એક પરિવારે આત્મહત્યા કરી લેતા ખળભળાટ મચી ગયો છે. દાહોદના વ્હોરા પરિવારના ૫ સભ્યોના મોતથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે છે. આ ઘટનામાં પતિ-પત્ની અને સંતાનો સાથે પાંચ વ્યક્તિએ આત્મહત્યા કરી હોવાનું જાણવા મળ્યું છે. પીડિત ૫ રિવાર વ્હોરા સમાજનો હોવાના પ્રાથમિક અહેવાલો આવી રહ્યા છે. પ્રાથમિક તપાસમાં આ ૫ રિવારના મોભી સામે આવ્યા હતા અને તેમણે જણાવ્યું કે ’દેવું વધી જતા દીકરો ટેન્શનમાં હતો’, મૃતકોમાં ૭ વર્ષ, ૧૫, વર્ષ અને ૧૭ વર્ષીય બાળકી સાથે દંપતીએ જીવન ટૂંકાવ્યું છે. આશંકા મુજબ વ્હોરા પરિવાર આર્થિક સંકડામણમાં હોવાના કારણે પગલું ભર્યુ હોવાની ચર્ચા છે, જોકે, સત્તાવાર રીતે આ વાતને સમર્થન મળ્યુ નથી પરંતુ એક જ પરિવારના પાંચ સભ્યોના આપઘાતથી સમગ્ર દાહોદ જિલ્લામાં ચકચાર મચી ગયો છે. મૃતક ૫ ડીયા પાતરાળાનો વેપારી હતો. આ ઘટના માટે મૃતકના પિતા શબ્બીરભાઈ દૂધીયાવાલાએ મીડિયા સામે

અનુસંધાન પાના 2 પર...

# બેફામ ફી ઉઘરાવવા સામે સરકાર હાઈકોર્ટની શરણે

## શાળાના સંચાલકો ફી મુદ્દે સમાધાન માટે તૈયાર ન હોઈ સરકારે આ બાબતે હોઈકોર્ટને નિર્દેશ જારી કરવા કહ્યું

અમદાવાદ, તા.૪

ખાનગી શાળાઓ દ્વારા કોરોના કાળમાં પણ ફી ઉઘરાવાઈ રહી હોવાના મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી અરજી પર આજે સુનાવણી યોજાઈ હતી. શાળા સંચાલકો દ્વારા બેફામ ફી ઉઘરાવવા મામલે હવે રાજ્ય સરકારે ગુજરાત હાઈકોર્ટની મદદ માગી છે. સરકારે રજૂઆત કરી છે કે શાળાના સંચાલકો ફી અંગે સમાધાન કરવા તૈયાર નથી. ગુજરાત હાઈકોર્ટ બેફામ ફી મામલે સંચાલકો સામે નિર્દેશ જારી કરે. આ મામલે હાઈકોર્ટ આગામી શુક્રવારે નિર્દેશ જારી કરી શકે છે. રાજ્યમાં બેકાબૂ બનેલા કોરોના વચ્ચે ખાનગી સ્કૂલોની બેફામ ફી ઉઘરાવવાની મેલી મુરાદ અને શિક્ષણ વિભાગની ઢીલી નીતિ સામે આવી રહી છે, ત્યારે લોકડાઉન સમયથી બંધ કરવામાં આવેલી સ્કૂલો હજુ શરૂ થઈ શકી નથી. જેને પગલે હાલ ઓનલાઈન શિક્ષણ ચાલી રહ્યું છે. જેની વચ્ચે ખાનગી શાળા સંચાલકો બેફામ ફી ઉઘરાવી રહ્યા છે.

આ પહેલા ખાનગી શાળા સંચાલકો ટ્યુશનની સાથે બધી જ ફી ઉઘરાવતા હોવાથી સરકારે રોક લગાવી હતી, તેની સામે સંચાલકો હાઈકોર્ટમાં જતાં કોર્ટે પણ માત્ર ટ્યુશન ફી જ લેવા અને તેના માટે શિક્ષણ વિભાગ અને સંચાલકોએ સાથે બેસીને નિર્ણય કરવાનો આદેશ કર્યો હતો, હાઈકોર્ટના ૫ ઓગસ્ટના આદેશ બાદ ૧૫ દિવસ સુધી શિક્ષણ વિભાગ કે સંચાલકો સાથે કોઈ બેઠક કરવામાં આવી નહોતી. જો કે ત્યાર બાદ શિક્ષણ મંત્રી અને સંચાલકો સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્ય સરકારે તમામ સ્કૂલોના વિદ્યાર્થીઓની ફીમાં ૧૫થી ૨૫ ટકા સુધીની ફી માફી આપવાની દરખાસ્ત મૂકી હતી. જેને ખાનગી સ્કૂલ સંચાલકોએ ફગાવી દીધી છે.

અનુસંધાન પાના 2 પર...


**મલ્ટીબેઝ ઈન્ડિયા લિમિટેડ**

multibase

**સી.આઈ.એન.:** I01122DD1991PLC002959

**રજીસ્ટર્ડ ઑફિસ:** 74/5 6, દમણ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કડૈયા ગામ, નાની દમણ, યુનિયન ટેરીટેરી, દ.દ.-396210 **ટેલિ.:** 0260-6614400 **ફેક્સ:** 0260-2221578

**ઈમેલ:** compliance.officer@multibaseindia.com **વેબસાઈટ:** www.multibaseindia.com

**29 મી વાર્ષિક સામાન્ય બેઠક, ઈ-વોટિંગ અને બુક ક્લોઝર માહિતીની સૂચના**

અહીં સૂચના આપવામાં આવી છે:

1. કંપની અધિનિયમ, 2013ની જોગવાઈઓ અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ 5 મે, 2020ના સામાન્ય પરિપત્ર નં.20/ 2020 ની જરૂરિયાતોનું પાલન કરવા માટે (ત્યારબાદ ‘MCA પરિપત્ર‘ તરીકે ઓળખાય છે), 29મી **મલ્ટિબેઝ ઇન્ડિયા લિમિટેડ (‘કંપની’)ની વાર્ષિક સામાન્ય સભા (AGM) મંગળવાર, 29 સપ્ટેમ્બર, 2020ને સવારે 11.00 વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ (VC) અથવા અન્ય ઓડિઓ વિઝ્યુઅલ મીન્સ (OAVM)** દ્વારા સામાન્ય અને વિશેષ વ્યવસાયોના વ્યવહાર માટે 27 ઓગસ્ટ, 2020 ના AGMને બોલાવવાની નોટિસમાં નિર્ધારિત મુજબ લેવામાં આવશે. રાષ્ટ્રના વિવિધ ભાગોમાં COVID-19 રોગચાળો અને પરિણામે લોકડાઉનને કારણે MCA પરિપત્ર દ્વારા કંપનીઓને તેમના AGM, VC અથવા OAVM દ્વારા એપ્રિલ, 8મી એપ્રિલ, 2020ના સામાન્ય પરિપત્ર નં.14/2020 અને MCA દ્વારા જારી થયેલ એપ્રિલ 13, 2020 ના પરિપત્ર નં.17/2020 મુજબ યોજવાની રહેશે. તદનુસાર, ઉપરોક્ત MCA જનરલ પરિપત્રોની જરૂરિયાતોનું પાલન કરતી વખતે, કંપની તેની 29મી AGM, VC અથવા OAVM દ્વારા સામાન્ય સ્થળે સભ્યોની શારીરિક હાજરી વિના બોલાવે છે. MCA ના પરિપત્રમાં 5 મે 2020 ના રોજ અને SEBI ના પરિપત્ર નં.SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79માં શેરધારકોને 12 મે 2020ના વાર્ષિક અહેવાલની શારીરિક નકલો છાપવા અને મોકલવા સંદર્ભે કંપનીઓને છૂટછાટ આપવામાં આવી છે. તે મુજબ, કંપનીએ 4થી સપ્ટેમ્બર 2020ના રોજ ઇલેક્ટ્રોનિક માધ્યમથી 29મી AGM અને નાણાકીય વર્ષ 2019-20 માટેના વાર્ષિક અહેવાલ બોલાવવાની સૂચનાની સોફ્ટ કોપી મોકલી છે, જેમના ઇમેઇલ આઇડી કંપની/રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્સી ડિપોઝિટરીમાં સહભાગી સાથે નોંધાયેલા છે. શારીરિક સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો કે જેમના ઇમેઇલ સરનામાં કંપની રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્સી સાથે નોંધાયેલા નથી, ડિપોઝિટરી સહભાગી, નાણાકીય વર્ષ 2019-20 માટે કંપનીની 29મી AGM નોટિસ અને વાર્ષિક અહેવાલની સોફ્ટ કોપી મેળવીને એક વિનંતી કંપનીને compliance.officer@multibaseindia.com પર એકત્રિત કરી શકે છે. વૈકલ્પિક રીતે, AGM અને વાર્ષિક અહેવાલ 2019-20ની નોટિસ પણ કંપનીની વેબસાઇટ જેમ કે www.multbaseindia.com, બોમ્બે સ્ટોક એક્સચેંજ એટલે કે BSE લિમિટેડની વેબસાઇટ www.bseindia.com પર અને CDSL એટલે કે www.evotingindia.com પર ઉપલબ્ધ કરવામાં આવશે.
   નોટિસમાં ઉલ્લેખિત તમામ દસ્તાવેજો પણ AGMની તારીખ સુધી આ નોટિસના પરિભ્રમણની તારીખથી સભ્યો દ્વારા કોઈપણ ફી લીધા વિના નિરીક્ષણ માટે ઇલેક્ટ્રોનિક ઉપલબ્ધ રહેશે. આવા દસ્તાવેજોનું નિરીક્ષણ કરવા માંગતા સભ્યો compliance.officer@multibaseindia.com પર ઇમેઇલ મોકલી શકે છે.
2. કંપની અધિનિયમ, 2013ની કલમ 91ના અનુસંધાને, **કંપનીના સભ્યોની રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ, AGM હેતુ માટે બુધવાર, 23 સપ્ટેમ્બર 2020થી મંગળવાર, 29 સપ્ટેમ્બર 2020 (બંને દિવસ સહિત) બંધ રહેશે.**
3. કંપનીઓ અધિનિયમ, 2013ની કલમ 108ની શરતોમાં, કંપની (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો, 2014ના નિયમ 20 સાથે વાંચો, જેમ કે લિસ્ટિંગ રેગ્યુલેશન્સના નિયમન 44 અને સામાન્ય સભાઓ પરના સચિવાલય ધોરણ (SS2) સંસ્થા દ્વારા જારી કરવામાં આવી છે. ભારતના કંપની સચિવો, કંપની તેના સભ્યોને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ (CDSL) દ્વારા પૂરી પાડવામાં આવેલ ‘રિમોટ ઇ-વોટિંગ’ની સુવિધા પ્રદાન કરવા માટે ઉત્સુક છે, જેથી તમામ ઠરાવો પર તેઓ ઇલેક્ટ્રોનિક માધ્યમથી પોતાનો મત આપી શકશે. આ નોટિસ માં સુયોજિત કંપની અધિનિયમ, 2013ની જોગવાઈઓ અને ત્યાં નિયમોના નિયમોને આધારે વિગતો નીચે આપેલ છે:
   a. એજીએમની સૂચનામાં જણાવ્યા મુજબનો વ્યવસાય ઇલેક્ટ્રોનિક માધ્યમથી થઇ શકે છે;
   b. **ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા રિમોટ ઇ-મતદાન શરૂ થવાની તારીખ અને સમય: શનિવાર, 26 સપ્ટેમ્બર 2020 સવારે 9:00 કલાકે (IST);**
   c. **ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા રિમોટ ઇ-મતદાન સમાપ્ત થવાની તારીખ અને સમય: સોમવાર, 28 મી સપ્ટેમ્બર, 2020 બપોરે 5:00 કલાકે (IST);**
   d. એજીએમ સમયે રિમોટ ઇ-વોટિંગ અથવા ઇ-વોટિંગ દ્વારા મત આપવાની પાત્રતા નક્કી કરવા માટેની કટ-ઓફ તારીખ **મંગળવાર, 22 સપ્ટેમ્બર 2020** છે;
   e. ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો, જેમના ઇમેઇલ સરનામાં કંપની/ રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્સી ડિપોઝિટરી સહભાગી સાથે નોંધાયેલા નથી અથવા તે વ્યક્તિ કે જેઓ કંપનીના શેરો મેળવે છે અને કંપનીનો સભ્ય બને છે AGM સૂચના પછી કંપની દ્વારા ઇલેક્ટ્રોનિક મોકલવામાં આવે છે અને કટ-ઓફ તારીખ પ્રમાણે શેર છે, એટલે કે 22મી સપ્ટેમ્બર, 2020, helpdesk.evoting@cdslindia.com અથવા rnt.helpdesk@linkintime.co.in પર વિનંતી મોકલીને તેમના ફોલિયો નંબર./ડીપી આઈડી અને ક્લાયંટ આઈડી નંબરનો ઉલ્લેખ કરીને લોગિન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. જો કે, જો સભ્ય પહેલાથી રિમોટ ઇ-મતદાન માટે CDSL સાથે નોંધાયેલું હોય તો હાલના યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ મતદાન કરવા માટે કરી શકાય છે.
   f. સભ્યો નોંધ લેશે કે (i) દૂરસ્થ ઇ-મતદાન મોડ્યુલ CDSL દ્વારા 28 સપ્ટેમ્બર, 2020 ના રોજ સાંજે 5:00 કલાકે અક્ષમ કરવામાં આવશે અને સભ્ય દ્વારા ઠરાવ પર મત આપવામાં આવ્યા પછી, સભ્ય તેને બદલવાની મંજૂરી આપશે નહીં ત્યારબાદ; (ii) 29મી AGM VC/OAVM દ્વારા બોલાવવામાં આવશે, તેથી ભૌતિક બેલેટ પેપર દ્વારા મતદાન કરવાની સુવિધા ઉપલબ્ધ કરાશે નહીં, જો કે સભ્યો ઇ-વોટિંગ દ્વારા પોતાનો મત આપી શકે છે, જે AGM સમયે ઉપલબ્ધ કરવામાં આવશે. : (iii) જે સભ્યોએ AGM પહેલાં રિમોટ ઇ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો છે તે પણ VC/OAVM દ્વારા AGMમાં હાજર થઈ શકે છે પરંતુ તેઓ ફરીથી મત આપી શકશે નહીં; (iv) AGM સમયે કોઈ વ્યક્તિ કે જેનું નામ સભ્યોના રજિસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવેલા લાભદાયક માલિકોના રજિસ્ટરમાં નોંધાયેલ છે, તે ફક્ત રિમોટ ઇ-વોટિંગની સુવિધા તેમજ ઇ-મતદાનની હકદાર રહેશે; અને
   g. રિમોટ ઇ-વોટિંગની પ્રક્રિયા અને રીત માટે, સભ્યો AGM બોલાવવાની સૂચનાની સૂચનાઓમાંથી પસાર થઈ શકે છે અને ઇ-મતદાન સંબંધિત કોઈ પ્રશ્નો અથવા મુદ્દાઓ હોય તો, સભ્યો વારંવાર પૂછાતા પ્રશ્ન (પ્રશ્નો) અને ઇ-મતદાનનો સંદર્ભ આપી શકે છે. સહાય વિભાગ હેઠળ www.evotingindia.com પર માર્ગદર્શિકા ઉપલબ્ધ છે અથવા helpdesk.evoting@ cdslindia.com પર ઇમેઇલ લખો અથવા શ્રી નિતિન કુંડર (022- 23058738) અથવા શ્રી મહેબૂબ લાખાણી (022-23058543) અથવા શ્રી રાકેશ દલવીનો (022-23058542) સંપર્ક કરો.
4. સભ્યોને સલાહ આપવામાં આવે છે કે ભવિષ્યમાં કંપનીના ઇમેઇલ દ્વારા પરિપત્રો વાર્ષિક અહેવાલ, સૂચનાઓ વગેરે સહિતના તમામ સંદેશાવ્યવહાર પ્રાપ્ત કરવા માટે ભૌતિક સ્વરૂપમાં રાખવામાં આવેલા શેરના કિસ્સામાં ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં અને કંપની અથવા/ અથવા તેના RTAમાં રાખવામાં આવેલા શેરના કિસ્સામાં તેમના DP સાથે તેમના ઇ-મેઇલ સરનામાંને રજિસ્ટર/ અપડેટ કરી શકે છે.

**બોર્ડ દ્વારા અને ઓર્ડર**
**મલ્ટિબેઝ ઇન્ડિયા લિમિટેડ માટે**
**સહી/-**
**સુનૈના ગોરક્ષ**
**કંપની સચિવ અને પાલન અધિકારી**

**સ્થળ:** મુંબઈ
**તારીખ:** 05મી સપ્ટેમ્બર, 2020


તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક:- વ્રજ કિનિઆરા દ્વારા મુદ્રણ - તાપ્તીલોક પબ્લીકેશન, ૧૫૨-૧૫૩, શ્રીરામ ઈન્ડ.એસ્ટેટ, પાંડેસરા, સુરત ખાતેથી છાપી, સમ્રાટ નગર ને.હા.નં.૮, ભીલાડ- ૩૯૬ ૧૦૫, તા.ઉમરગામ, જિ. વલસાડથી પ્રસિધ્ધ કર્યુ. Tel. No. (0260) 2784933, Fax: 2785033, Mob.: 98798 33933 E- mail : gujaratchitra@gmail.com